NJ FAMILYCARE આરોગ્ય યોજનાઓ
Affordable health coverage. Quality care.

| HMO કાઉન્ટી અનુસાર યોજનાઓ | એટલાન્ટિક | બર્ગન | બર્લિંગ્ટન | કૅમ્ડેન | કેપ મે | કમ્બર્લૅન્ડ | એસેક્સ | ગ્લોસેસ્ટર | હડસન | હંટરડોન | મર્સર | મિડલસેક્સ | મોનમાઉથ | મોરિસ | ઓશન | પેસાઇક | સાલેમ | સમરસેટ | સસેક્સ | યુનિયન | વૉરેન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન્યૂ જર્સીની Aetna Better Health® | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| Fidelis Care | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| Horizon NJ Health | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| UnitedHealthcare Community Plan | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| Wellpoint | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

Aetna Better Health® of New Jersey

બધી કાઉન્ટીમાં ઉપલબ્ધ

## ન્યૂ જર્સીની Aetna Better Health® 1-855-232-3596 • TTY 711 (24/7) www.aetnabetterhealth.com/nj

### Aetna Better Health સાથે વધુ સુવિધાઓ મેળવો

*તમને ચૂકવા ન ગમે તેવા ફાયદા, પુરસ્કાર અને યોજના સંબંધિત લાભ*

- ટોચના સ્થાનિક પ્રદાતાઓ ઍક્સેસ કરો - <u>કોઇ સંદર્ભ જરૂરી નથી</u>
- સઘન દંત સંભાળ અને દૃષ્ટિ સંભાળ,
- સુખાકારીને લગતી તપાસો,
- પ્રસૂતિને લગતી સંભાળ* (સંભાળનું વ્યવસ્થાપન, દાયણની સેવાઓ, સ્તનપાનનો પુરવઠો અને સપોર્ટ), તેમજ
- ફાર્મસીની સેવાઓ.*

*NJ FamilyCareના અમુક સભ્યો માટે સહાયક-ચુકવણી લાગુ કરાય તેમ બની શકે

### સંપૂર્ણ પરિવાર માટે ડેન્ટલ હોમ પ્રોગ્રામ

અમારી પાસે હવે એવો પ્રોગ્રામ છે જેના થકી તમને અને તમારા પરિવારજનોને પ્રાથમિક સંભાળ માટે દંતચિકિત્સક (PCD) અને ડેન્ટલ હોમ મળવાની ખાતરી રહે, જે બધી વયના લોકો માટે ઉપલબ્ધ હોય છે.

### બહેતર આરોગ્યમાં તમારી પડખે

નીચેની બાબતોમાં સહાય માટે નેવાર્ક, ન્યૂ જર્સીમાં Healthcare Central ખાતે અમારી મુલાકાત લો:

- NJ FamilyCare માટે સાઇન અપ કરવું
- પ્રદાતા શોધવા
- NJ FamilyCare રિન્યૂ કરવાની પ્રક્રિયા સમજવી

- Aetna Better Healthના તમને થતા ફાયદા સમજવા

દર મહિને અમે ભેટ તરીકે સ્વાસ્થ્યપ્રદ ખોરાક આપવાનું અને એક દિવસ માટે મફતમાં કપડાં ધોવાની સુવિધાનું આયોજન કરીએ છીએ!

### સ્વાસ્થ્યને લગતી સલાહ માટે 24/7 નર્સ લાઇનની ઍક્સેસ

કૉલ કરો 1-855-232-3596 (TTY: 711) અને 4 દબાવો. નર્સો સહાય માટે હંમેશા તૈયાર હોય છે.

### સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પુરસ્કારો મેળવો

અમારો પ્રોત્સાહન માટેનો પ્રોગ્રામ નીચે દર્શાવ્યા જેવી, યોગ્યતા ધરાવતી સ્વાસ્થ્ય તપાસો પૂરી કરવા બદલ સભ્યોને પુરસ્કારો આપે છે:

- **સ્વસ્થ બાળ મુલાકાતો** (વય 3-21)
- **મેમોગ્રામ** - સ્તનના કેન્સર માટેની તપાસ (40-74 વર્ષની વય માટે દર વર્ષે) અને સર્વાઇકલ કેન્સર માટેની તપાસ (પૅપ પરીક્ષણ) (20 વર્ષની વયથી શરૂ કરીને)
- **લીડ તપાસ** (વય 0-6)
- **પ્રસૂતિ પછીની સંભાળ** (બાળ જન્મ પછી 7-84 દિવસ. સી-સેક્શન હોય તો બે મુલાકાતોની જરૂર પડી શકે છે)

પ્રોગ્રામ વિશે વધુ જાણવા સભ્ય સેવાઓને કૉલ કરો.

*પ્રોગ્રામ માટે યોગ્ય ઠરવા એક વર્ષ સુધી Aetna Better Healthના સભ્ય હોય તે જરૂરી છે.*

***તમારું મન સ્વાસ્થ્ય વિશે વિચારતું હોય, ત્યારે અમને તમારા વિચારોમાં અગ્રક્રમે રાખો.***

FIDELIS CARE®

હંટરડોન સિવાયની બધી કાઉન્ટીઝમાં ઉપલબ્ધ છે

## Fidelis Care 1-888-453-2534 • TTY 711 www.fideliscarenj.com

**તમને અગ્રસ્થાને મૂકવા:** Fidelis Care ખાતે અમે તમને અને તમારા પરિવારને અગ્રતાક્રમે મૂકીએ છીએ. આનો અર્થ એ કે સ્વસ્થ રહેવા અને ખુશહાલ જીવન જીવવા માટે તમને જરૂરી સંભાળ તથા સેવાઓ તમને મળી રહે.

**કોઇ સંદર્ભ જરૂરી નથી:** તમે અમારા ઇન-નેટવર્ક વિશેષજ્ઞોમાંથી કોઇની પણ મુલાકાત લેવાનું પસંદ કરી શકો, આ માટે કોઇનો સંદર્ભ હોવો જરૂરી નથી.

**મારો HealthPays પુરસ્કાર પ્રોગ્રામ:** રાબેતા મુજબની વાર્ષિક તપાસ જેવી સ્વાસ્થ્યપ્રદ પ્રવૃત્તિઓ તમે પૂરી કરો ત્યારે ભેટ કાર્ડ્સ મારફત, પુરસ્કૃત ડોલર્સ મેળવો.

**માતાપિતા માટે પુરસ્કારનો પ્રોગ્રામ:** સગર્ભા સ્ત્રીઓને તેમનું સ્વાસ્થ્ય જાળવી રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અને તેમની ગર્ભાવસ્થા દરમિયાન ડૉક્ટરની બધી જ મુલાકાતો પૂરી કરવામાં આ પ્રોગ્રામ થકી સહાય રહે છે. પ્રોગ્રામ પૂરો કરનારાં સભ્યો મફત ભેટ મેળવી શકે છે.

**24-કલાક ચાલુ રહેતી નર્સ સલાહ લાઇન:** બધા સભ્યો દિવસના 24 કલાક, અઠવાડિયાના 7 દિવસ, વર્ષના દરેક દિવસે તબીબી સલાહ મેળવવા માટે નોંધાયેલ નર્સોને કૉલ કરી શકે છે.

**ચિકિત્સક (પ્રદાતા)ની સેવાઓ:**

- **PCP:** દરેક સભ્ય માટે એક પ્રદાતા ફાળવવામાં આવે છે જે તેમને સંભાળ પ્રદાન કરે છે અથવા તેમના માટે વિશેષજ્ઞની મુલાકાત ગોઠવી આપે છે.
- **પ્રિસ્ક્રિપ્શન્સ:** તમારા પ્રદાતાઓ દ્વારા અપાયેલી દવાઓનું કવરેજ.

**સભ્ય માટે સહાયતા:**

- ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ્સ, સામાજિક સેવાઓ અને અન્ય બાબતોની ગોઠવણ માટે વ્યક્તિગત સહાય.
- બધી સામગ્રીઓ અંગ્રેજી, સ્પેનિશ અને વિનંતી અનુસાર અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- સાંભળવાની તકલીફ હોય તેવા અથવા અંગ્રેજી સિવાયની ભાષા બોલતા સભ્યો માટે અનુવાદની સેવાઓ ઉપલબ્ધ છે.

**સામુદાયિક સંસાધનો:** અમારી ખાસ ફાળવાયેલી CommUnity સહાયતા લાઇન ખોરાક, પરિવહન, બાળસંભાળ અને અન્ય બાબતો જેવી સ્થાનિક, સમુદાય-આધારિત સેવાઓ સાથે તમારું જોડાણ કરી આપે છે.

**સંભાળનું વ્યવસ્થાપન:** અમે બાળકો અને વયસ્કોને સંભાળ વ્યવસ્થાપનના લક્ષ્ય આધારિત પ્રોગ્રામ્સ આપીએ છીએ. અમુક પ્રોગ્રામ્સમાં સમાવિષ્ટ છે:

- **અસ્થમા**
- **ડાયાબિટીઝ**
- **HIV/AIDS**
- **વધુ જોખમ ધરાવતી ગર્ભાવસ્થા**

સંભાળ વ્યવસ્થાપકોને, બીમારીના વ્યવસ્થાપન માટે જરૂરી હોઇ શકે એવી સેવાઓની ગોઠવણ (અત્યંત વિશેષ સંભાળ માટે વિશિષ્ટ સંભાળ સુવિધાઓ માટે સંદર્ભ આપવા સહિત)માં સભ્યો, તેમના પરિવારજનો અને તેમના PCPs ને કરવા સહાય માટે તાલીમ આપવામાં આવે છે. આરોગ્ય સંભાળની યોજનાની પસંદગી એક મોટો નિર્ણય છે અને તમારા માટે ઉચિત હોય તેવી પસંદગી કરવા માટે જરૂરી તથ્યો તમારી પાસે હોય તેમ અમે ઇચ્છીએ છીએ.

બધી કાઉન્ટીમાં ઉપલબ્ધ

## Horizon NJ Health | 1-800-682-9090 • TTY 711 | www.horizonnjhealth.com

### તમારું અને તમારા પરિવારનું સ્વાસ્થ્ય જાળવવું:

ન્યૂ જર્સીના Horizon Blue Cross Blue Shield તરફથી એક માત્ર NJ FamilyCare યોજના. આ આરોગ્ય યોજના તમારા વતનની જ છે. Horizon NJ Health સાથે તમારા પરિવારને જેની ખોજ છે તેવા લાભ મેળવો.

- ન્યૂ જર્સીના **સૌથી મોટા પ્રદાતા નેટવર્કમાંના એક — 20,000 ડૉક્ટરો** કરતાં પણ વધુમાંથી પસંદગી કરવાની સુવિધા
- તમારા દંતચિકિત્સક, સ્ત્રીરોગ વિશેષજ્ઞની મુલાકાત લેવા, મેમોગ્રામનો સમય નિશ્ચિત કરવા કે આંખની રાબેતા મુજબની તપાસ કરવા માટે **કોઇ સંદર્ભ મેળવવાની જરૂર નથી**
- **કોન્ટેક્ટ લેન્સ અને ચશ્મા માટે કવરેજ** ઉપરાંત દૃષ્ટિને લગતા અન્ય લાભ
- તમારા ડૉક્ટર દ્વારા અપાઈ હોય તે ઉપરાંત અમુક ઓવર-ધ-કાઉન્ટર દવાઓ માટે **પ્રિસ્ક્રિપ્શન ડ્રગ કવરેજ**
- તમારા તબીબી પ્રશ્નોના જવાબ આપવા માટે **નર્સ હેલ્પલાઇન** અને તમારી યોજના વિશેના પ્રશ્નોના જવાબ આપવા માટે **સભ્ય સેવાઓની હેલ્પલાઇન**, તમને **દિવસના 24 કલાક, અઠવાડિયાના સાતેય દિવસ** ઉપલબ્ધ છે

### તમને અને તમારા પરિવારજનોને કેન્દ્રમાં રાખીને બનાવેલા વધારાના આરોગ્ય સપોર્ટ પ્રોગ્રામ્સ:

- **મેનેજ્ડ લોન્ગ ટર્મ સર્વિસીઝ એન્ડ સપોર્ટ્સ (MLTSS) પ્રોગ્રામ**
એવા લોકો માટે જેમને તેમના ઘરમાં મળી રહે તે રીતની સ્વાસ્થ્ય અને લાંબા-ગાળાની ગૃહ અને વ્યક્તિગત સંભાળ જેવી સંભાળ સેવાઓની જરૂર હોય
- પ્રસૂતિ અને તમારા શિશુના પ્રથમ 60 દિવસ સુધી, તમારી સમગ્ર ગર્ભાવસ્થા દરમિયાન તમને સપોર્ટ કરવા માટે **સ્વસ્થ ગર્ભાવસ્થા પ્રોગ્રામ**. સ્ત્રીરોગ વિશેષજ્ઞની રાબેતા મુજબની મુલાકાતો, સંભાળ વ્યવસ્થાપન સેવાઓ, પોષણલક્ષી સલાહ અને સ્તનપાનમાં મદદ મેળવો
- **વિશિષ્ટ આવશ્યકતાઓ ધરાવતા સભ્યો માટે સંભાળ વ્યવસ્થાપકો ઉપલબ્ધ છે**, જેથી અમારા સભ્યોને બહેતર ગુણવત્તાવાળી સંભાળ આપવામાં મદદ રહે
- **હોરાઇઝન નેઇબર્સ ઇન હેલ્થ** તમને સમુદાય અને સ્વાસ્થ્ય સંસાધનો સાથે જોડે છે જેથી બહેતર સ્વાસ્થ્ય અને સુખાકારીના તમારા માર્ગે તમને મદદ કરી શકાય
- **એજ્યુકેશન વર્કસ** તમારો હાઇ સ્કૂલને સમકક્ષ ડિપ્લોમા મેળવવામાં તમારી મદદ કરી શકે છે. તમારા હાઇ સ્કૂલ ડિપ્લોમાની તૈયારી કરવામાં અને તે મેળવવામાં મદદ રહે તે રીતની, તમારા જીવનમાં બંધ બેસે તે રીતે બનાવેલી યોજના અમે તમને આપીશું. સૌથી સારું તો એ કે, તમારે આ માટે કોઇ ખર્ચ નહીં થાય.

તમારા પરિવારના ઉમદા સ્વાસ્થ્યથી વધુ મહત્ત્વનું અમારા માટે બીજું કંઇ નથી. તમને અમારી સૌથી વધુ આવશ્યકતા હોય ત્યારે અમે તમારા માટે હાજર છીએ.

બધી કાઉન્ટીમાં ઉપલબ્ધ

## UnitedHealthcare Community Plan | 1-800-941-4647 • TTY/TDD 711 | www.uhccommunityplan.com

**UnitedHealthcare Community Plan** ખાતે, અમે વધુ સ્વાસ્થ્યપ્રદ જીવન જીવવામાં લોકોની મદદ કરીએ છીએ. વર્ષ 1989 થી NJ માં આ મિશન પર કાર્ય કરવા માટે અમે સખત મહેનત કરી છે.

### તમારા માટે આવશ્યક હોય તેવા લાભ

- દરેક સભ્ય માટે પ્રાથમિક સંભાળના ડૉક્ટર
- દાંતની સફાઇ, તપાસ અને દાંતનું કામ
- આંખની તપાસ અને ચશ્મા અથવા કોન્ટેક્ટ લેન્સ
- દરેક વયજૂથ માટે ઉચિત આગોતરી સંભાળ, જેમ કે, રસીઓ, સુખાકારીને લગતી મુલાકાતો, ડાયાબિટીસ, અસ્થમા અને હૃદય સંબંધી સંભાળ
- તમારા દંતચિકિત્સક, સ્ત્રીરોગ વિશેષજ્ઞની મુલાકાત લેવા, મેમોગ્રામનો સમય નિશ્ચિત કરવા કે આંખની રાબેતા મુજબની તપાસ કરવા માટે કોઇ સંદર્ભ મેળવવાની જરૂર નથી
- સ્વાસ્થ્યલક્ષી માહિતી પ્રદાન કરવા અને તમારી સંભાળ તથા સેવાઓનું વ્યવસ્થાપન કરવામાં તમારી મદદ કરવા માટે સંભાળનું વ્યવસ્થાપન

### તમે ઇચ્છતા હો તેવો વધારાનો સપોર્ટ

- **નર્સ સલાહ લાઇન -** દરરોજ, 24/7 નર્સનો સંપર્ક ઉપલબ્ધ
- **સભ્ય સેવાઓ** દરરોજ, 24/7 ઉપલબ્ધ
- સગર્ભા સભ્યો, નવજાત શિશુની માતા અને તેમના શિશુઓ માટે **હેલ્ધી ફર્સ્ટ સ્ટેપ્સ** પ્રોગ્રામ
- Medicare અને Medicaid કવરેજ ધરાવનારા માટે **FIDESNP** યોજનાનો વિકલ્પ
- **લાંબા-ગાળાની સેવાઓ અને સપોર્ટનું વ્યવસ્થાપન -** દુર્બળ, વયોવૃદ્ધ અને અક્ષમ લોકોની સેવા પર કેન્દ્રિત થયેલો પ્રોગ્રામ જેમાં પરંપરાગત સ્વાસ્થ્ય સંભાળના લાભ (ડૉક્ટરની મુલાકાતો, હોસ્પિટલમાં રોકાણ અને પ્રયોગશાળાઓ) તેમજ લાંબા-ગાળાની સેવાઓ અને સપોર્ટ (રોજિંદા જીવનની પ્રવૃત્તિઓમાં ઘરે અથવા સમુદાય સ્તરે મદદ પૂરી પાડવા)નું સંયોજન કરવામાં આવે છે

બધી કાઉન્ટીમાં ઉપલબ્ધ

## Wellpoint | 1-877-453-4080 • TTY 711 | www.wellpoint.com/nj/medicaid

**Wellpoint (અગાઉ Amerigroup) NJ FamilyCare ના સભ્યોને વર્ષ 1996 થી ગર્વભેર સેવા પૂરી પાડે છે અને તમે તમારી આરોગ ્ય યોજનામાંથી શું ઇચ્છો છો તે અમે સમજીએ છીએ.** તમને મળતા લાભનો સૌથી વધુ ફાયદો મેળવવામાં અમે તમારી સહાય કરીએ.

### તમારા માટે આવશ્યક હોય તેવા લાભ

**કોઇ સંદર્ભ જરૂરી નથી:** અમારા કોઇ પણ ઇન-નેટવર્ક પ્રદાતાઓની મુલાકાત લો, જે પ્રાથમિક સંભાળ, દંત ચિકિત્સકો અને સ્ત્રીરોગ વિશેષજ્ઞ પૂરતા સીમિત નથી.

**24-કલાક માટે નર્સ હેલ્પલાઇન:** દિવસના 24 કલાક, અઠવાડિયાના 7 દિવસ, નર્સ પાસેથી તબીબી સલાહ અને માહિતી મેળવો. 833-731-2147 (TTY 711)

**આંખ અને દાંતને લગતા લાભ:** દૃષ્ટિ અને દાંતને લગતી રાબેતા મુજબની આગોતરી સંભાળ મેળવો, જેમાં યોગ્ય ઠરતાં સભ્યો માટે કોન્ટેક્ટ લેન્સ, પસંદગીની ફ્રેમો અને અન્ય બાબતો માટે $100 ની ક્રેડિટનો સમાવેશ થાય છે.

**વિશિષ્ટ આવશ્યકતાઓ માટે સંભાળનું વ્યવસ્થાપન:** વિશિષ્ટ આવશ્યકતાઓ ધરાવતા તમામ સભ્યો માટે સંભાળ વ્યવસ્થાપક હોય છે જે સંભાળની તેમને અનુરૂપ બનાવેલી યોજનામાં તેમને સહાય કરે છે.

**પ્રિસ્ક્રિપ્શન ડ્રગ કવરેજ:** ઉમદા સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે તમને જરૂરી હોય તેવી દવાઓ માટે અને દરેક ત્રિમાસિકમાં $15 ઓવર ધ કાઉન્ટર (OTC) વસ્તુઓ માટે.

### તમે ઇચ્છતા હો તેવી વધારાની બાબતો

**સ્વાસ્થ્યલક્ષી પુરસ્કારો:** બાળકો માટે લીડ તપાસ, ફ્લ્યુની રસી તેમજ વાર્ષિક ડાયબેટિક આંખની તપાસ અને હિમોગ્લોબિન A1c પરીક્ષણ જેવી ડાયાબિટીસને લગતી સેવાઓ જેવી, સૂચવેલી આરોગ્ય તપાસો અને સુખાકારીને લગતી પ્રવૃત્તિઓ પૂરી કરવા બદલ ભેટ કાર્ડ્સ.

**માતાઓ માટે વધારાનો સપોર્ટ:** ગર્ભાવસ્થા, પ્રસૂતિ અને તમારા શિશુના શરૂઆતના થોડા મહિના દરમિયાન સપોર્ટમાં સહાયક પ્રોગ્રામ. સ્ટ્રોલર્સ, કાર સીટ અને અન્ય બાબતો માટે સ્વાસ્થ્યલક્ષી પુરસ્કારો મેળવો.

**મફત ઑનલાઇન સંસાધનો:** સભ્યોને ખોરાક, નોકરી, રહેઠાણ, કાનૂની સલાહ અને તમને સમુદાયમાં જરૂરી હોય તેવી અન્ય બાબતો મેળવવામાં સભ્યો માટે સહાય.

**સામુદાયિક સંભાળ સંસાધન કેન્દ્રો** જ્યાં તમે આવીને Wellpoint ના પ્રતિનિધિ સાથે રૂબરૂમાં વાત કરીને તમારા લાભ, સામુદાયિક કાર્યક્રમ અને સેવાઓ વિશે વધુ જાણી શકો છો તેમજ તમારા પ્રશ્નોના જવાબ મેળવી શકો છો.